**G.P.V.) ---1389-- 2,00,000-09-2015-A-4**
**H.C. Cirs "' Civil P.P. 13, 14, Circular** **Civ.A 27g.**
**No.30, Edition 1903**

**વાદી તરફની સાહેદી નંબર ૧ ની જુબાની**

**સ્પે.સિવીલ સ્યુટ નં.૨૬૦/૨૦૦૫**
**આંક–૧૬૧ નું હેઠળ સાંધણ**

**હું આ પરથી પ્રતિજ્ઞા કરુ છું કે.**

**સોંગદ આપ્યા. (ગેમલસિંહ મુળજીભાઈ ઠાકોર )**

**ઉલટ તપાસ પ્ર.વાદી તર્ફે વિ.વ.શ્રી કે.એસ.બનાટવાલા**

ધનુબેન લાલાભાઈ મારી અસીલ થતી હતી. તેણી મારી અસીલ સને ૨૦૦૨ થી થતી હતી. એ વાત ખરી નથી કે ધનુબેન લાલાભાઈના રેવેન્યુ ના બધા કામ હું શંભાળતો હતો. ધનુબેનની જમીનો ને લગતા ડોકયુમેન્ટમાં તેણીનું એક વીલ કરેલુ અને નોટીસ વ્યવહારને લગતા કામ કરેલા. વીલ અને વસીયતનામુ જે વ્યકિત મીલકતનો માલીક હોય તે વીલ અને વસીયતનામુ કરી શકે.

ધનુબેન લાલાભાઈ નુ જે વીલ અને વસીયતનામુ મે કરેલુ તે કેટલી જમીનનુ કરેલુ તે મને યાદ નથી પરંતુ વીલ મેં કરેલુ. ધનુબેન ના વીલ અને વસીયતનામા માં શું લખેલ છે તે મને યાદ નથી પરંતુ વીલ માં ખેતીની જમીન અને ઘરનો ઉલ્લેખ કરેલો. એ વાત ખરી છે કે ધનુબેન વીલ અને વસીયતનામુ કરવા આવ્યા ત્યારે કાગળો લઈને આવેલા.તેઓ જે કાગળો લઈને આવેલા તે કાગળો મોજે ગવીયર ની જમીન ને લગતા કાગળો હતા જેનો નંબર મને યાદ નથી. જે જમીન ના કાગળો લઈને આવેલા તે જમીન અંગે વીલ કરતા અગાઉ સબ રજીસ્ટ્રાર કચેરીમાં મે કોઈ સર્ચ કરેલ નથી.ધનુબેન મારી ઓફીસે આવ્યા તે વખતે તેમની સાથે બે સાક્ષીઓ પણ આવ્યા હતા.આ વીલ અને વસીયતનામુ મારી ઓફીસે તૈયાર થયેલ નથી પરંતુ ધનુબેન લાલાભાઈ વીલ તૈયાર કરીને લાવેલા. ધનુબેન ના મેં પુછેલુ કે આ વીલ કોણે તૈયાર કરેલુ તેણી એ શું જવાબ આપેલો તે હાલ મને યાદ નથી.આ વીલ ધનુબેન ના કહેવાથી અને તેઓની સુચનાથી તૈયાર થયેલુ તેવુ મેં તેણીને પુછેલુ તેના ઉપરથી કહુ છુ કે વીલ તેની સુચના મુજબ તૈયાર થયેલુ.પરંતુ જે ઠેકાણે વીલ તૈયાર થયેલુ તે ઠેકાણે હું હાજર ન હતો. ધનુબેન તૈયાર વીલ મારી ઓફીસમાં જે દિવસે લઈને આવેલા તેના બીજા દિવસે સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર્ડ કરાવેલુ. એ વાત ખરી છે કે ધનુ બેન જે દિવસ ે મારી ઓફીસે આવેલા તે દિવસે ફકત તૈયાર વીલ લઈને આવેલા. મે ધનુબેન ને એવુ પુછેલુ નહી

**...............................................**
**સાહેદની સહી**

કે જે જમીન અંગે તમે વીલ કરો છો તે અંગે કોઈ દાવા ના પ્રકરણો ચાલે છે કે કેમ. મે મારી જુબાનીમાં જે એવુ જણાવેલ છે કે ધનુબેને પોતાની સ્થાવર અંને જંગમ મીલકતની વ્યવસ્થા આ વીલ થકી કરેલી હોય તેની ખાતરી મે ધનુબેનને મૌખીક રીતે પુછીને કરેલી. જે દિવસે ધનુબેન નુ વીલ થયુ તે દિવસ મે તેણીનું ફોટો આઈ–ડી પ્રુફ જોયેલુ પરંતુ વીલમાં ચોંટાડેલુ નહી કારણકે હું તેણીને ઓળખતો હતો. એ વાત ખરી નથી કે વાદીના મેળાપીપણામાં ખોટી જુબાની આપુ છુ.

**ઉલટ તપાસ પ્ર.વાદી નં.૩ તર્ફે વિ.વ.શ્રી એસ.જે.જરીવાલા**

ધનુબેન મારે ત્યા કામ અર્થે આવતા હતા તે રીતે હું તેમને ઓળખુ છુ. ધનુબેનના કેટલા વારસો છે તે મને ખ્યાલ નથી. ધનુબેન તેમના કોઈ સગા જોડે આવતા હતા તેમનુ નામ મને ખબર નથી. વીલમાં જણાવ્યા મુજબ ના ચંદ્રકાન્તભાઈ અને નીરૂબેન ને હું ઓળખતો નથી. ધનુબેને અગાઉ વીલ કર્યા અંગેની મને જાણ નથી.તમને ધનુબેન ની મીલકત બાબતે કોઈ હકક ખરા જવાબ માં જણાવે છે કે ના કે મારે એમાં કોઈ હકક નથી.એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**વિશેષ ઉલટ તપાસ નથી**

**ફેર તપાસ નથી.**

**સાહેદ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે.તેથી તેણે અને તેમના વકીલશ્રીએ એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ છે.ના.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તારીખ ૨૪/૦૭/૨૦૧૯ ના રોજ સુચના મળેલ છે કે જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે જુબાની કબુલ રાખ્યાની સહી કરેલ છે.**

**બીજા.એડી.સીની.સિવીલ જજ**
**અને એ.સી.જે.એમ,સુરત**

**મારી રૂબરૂ**

**તા.૧૧/૧૧/૨૦૨૧**

**બીજા એડી. સીની. સીવીલ જજ**
**અને એ.સી.જે.એમ.,સુરત**

............................................
**સાહેદની સહી**

................................................
સાહેદની સહી